**ફોજદારી કેસ નંબર :– 15091–2020**

**આંક – ૧ નીચે હુકમઃ–**

ફરીયાદી– શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી– વિજય અમરશીભાઈ

૧. આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામેના આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા,"આપેલ સરનામે જઈ વારંવાર તપાસ કરતા હાલ આવા નામના વ્યક્તિ મળી આવેલ નથી.", એવા શેરા સાથે પરત ફરેલ હોય, તે સંજોગોમાં આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા જણાતી નથી.

૩. આ કામે સરકારશ્રી તરફે વિદ્વાન એપીપીશ્રીની રજુઆત સાંભળેલ છે.

૪. આ તબક્કે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છેઃ–

**કલમ – ૨૫૮ કેટલાક કેસમાં કાર્યવાહી બંધ રાખવાની સત્તા–**

ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ–કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની પુર્વમંજુરીથી અન્ય કોઈ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુક્ત કરવામાં આવે તેવી અસર થશે.

૫. આમ, ઉપરોક્ત કલમ વંચાણે લેતાં, ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને કોઈપણ તબક્કે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુક્ત કરવામાં આવેલ હોય, તેવી થશે.

૬. આમ, આ કામે રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ–**

➔ આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ મુજબ બંધ કરવામાં આવેલ છે.

➔ જો ભવીષ્યમાં પોલીસ મશીનરી હાલના આરોપીને શોધવામાં સફળ રહે અથવા તો આરોપી મળી આવે તો તેની સામે હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા સી.આર.પી.સી.ની કલમ ૩૦૦(૫) અન્વયે આથી ફરીયાદ પક્ષને પરવાનગી આપવમાં આવે છે.

**હુકમઃ–** આજરોજ તારીખ **૦૯** મી, માહે **માર્ચ,** સને **૨૦૨૪** ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

રાજકોટ. (બી.પી.ઠાકર)

તા. ૦૯/૦૩/૨૦૨૪ ૩જા એડીશ્નલ સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.

રાજકોટ

**UIC NO.GJ-01618**